ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-[redacted] 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date 4th October, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................................,

ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

**વિશ્વ અવકાશ સપ્તાહ** અંતર્ગત શરદ પૂનમના દિવસે તખતેશ્વર મંદિર ખાતે આકાશ દર્શનનો કાર્યક્રમ

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

અવકાશ વિજ્ઞાન પ્રત્યે લોક જાગૃતિ લાવવા અને લોકોને અવકાશમાં જોતા, જાણતા અને સમજતા કરવા માટે વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વર્ષ દરમ્યાન અનેક ખગોળીય ઘટનાને ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટેનાં કાર્યક્રમો અને સંવાદો યોજવામાં આવે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વાર કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ (BAC) દ્વારા આગામી તા, ૧૧ ઓક્ટોબર, ૨૦૧૭ શરદ પૂનમ નિમિતે તખતેશ્વર મંદિર ખાતે આકાશ દર્શનનો કાર્યક્રમ યોજાશે. શરદ પૂર્ણિમાના ચંદ્રને નિહાળવા તેમજ ચંદ્ર વિષે લોકોને માહિતગાર કરવા માટે તા. ૧૧ ઓક્ટોબર, ૨૦૧૭ને ગુરૂવારે સાંજે ૦૭:૦૦ કલાકથી ૯ કલાક દરમ્યાન તખ્તેશ્વર મંદિર ખાતે ટેલીસ્કોપથી ચંદ્ર અને શાની ગ્રહને નિહાળવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વાર કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ (BAC) દ્વારા ચંદ્ર અને શની ગ્રહ અને તેના વલયોને નિહાળવા માટે ટેલીસ્કોપની વ્યવસ્થા કરવામાં આવનાર છે. આ ઘટનાને નિહાળવા ભાવેણાની ખગોળપ્રેમી જનતાને લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

૫-૧૦-૧૭

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.